**<u>સી.સી.નં.૭૨૦/૨૦૨૪ ના કામે હાંસોટ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૯૦૨૪૨૪૦૧૩૧/૨૦૨૪ મા ઈ.પી.કોની કલમ–૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ની કલમ– ૧૩૫ મુજબ વિગેરે ના ગુનાના કામે આરોપી ભરતભાઈ ઉર્ફે ભલીયો ભાણાભાઈ રાઠોડ ની ક્રિ.પ.અ.નં.૪/૨૦૨૬ ની જામીન અરજી લગત હુકમ</u>**

(૧) સાંભળ્યા, અરજી વંચાણે લીધી. આરોપી તરફે વિ. વકીલશ્રી એન.વી.પટેલને સાંભળ્યા તથા ફરીયાદ તેમજ રેકર્ડ ધ્યાને લીધા. જામીન અરજી વંચાણે લીધી.

(૨) આરોપી તરફે વિ. વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપી તદન નીર્દોષ છે આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરવામા આવેલ છે વધુમા હાલના કામે આરોપી છેલ્લા એક વરસ ઉપરાંતના સમયથી જ્યુડીશીયલ કસ્ટડીમા છે મહત્વના સાહેદો નો પુરાવો નોધવામા આવેલ છે જેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૪૩૭(૬) મુજબ ૬૦ દીવસમા પુરાવો પુરો થયેલ ન હોય આરોપીને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે. આરોપી નામદાર કોર્ટ ફરમાવશે તેવી શરતોનુ આરોપી ચુસ્તપણે પાલન કરશે. જેથી શરતોને આધીન જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી એ સાંભળ્યા જેઓ દલીલ કરતા જણાવે છે કે, હાલના આરોપી વિરુદધ ગંભીર ગુનાનો આરોપ છે જો આરોપીને જામીન મુકત કરવામા આવે તો આરોપી ફરીયાદ પક્ષના સાહેદોને ફોડવા તેમજ પ્રલોભન આપી પ્રોસીકયુશ ના કેસને નુકશાન કરે તેમ હોય આરોપીની હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત બંને પક્ષોની રજુઆતો સાંભળી, કેસની હકીકતો જોતા, આ કામના આરોપીઓ સામે **<u>ઈ.પી.કોની કલમ–૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ની કલમ– ૧૩૫</u>** મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર કામે આરોપી સામે ના આક્ષેપો ધ્યાને લેતા

તથા સદર આક્ષેપો અંગેની સજાની જોગવાઈઓ ધ્યાને લેતા તેમાં આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે. આ તબક્કે રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે મહત્વના સાહેદોનો પુરાવો નોધવાનો બાકી હોય અરોપીની હાલની અરજી મંજુર કરવા યોગ્ય જણાતી ન હોય તેમજ આરોપી સામે આક્ષેપીત ગુનાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ હાલના કિસ્સામાં આરોપીનો રોલ, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ ધ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવો ન્યાયોચીત જણાતુ નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

આ કામના આરોપી **ભરતભાઈ ઉર્ફે ભલીયો ભાણાભાઈ રાઠોડ** નાંઓની **હાંસોટ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૯૦૨૪૨૪૦૧૩૧/૨૦૨૪** ના કામે હાલની જામીન અરજી આથી "નામંજુર" કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ ૨૭મી માહે જાન્યુઆરી સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ: ૨૭/૦૧/૨૦૨૬**
**હાંસોટ.**

**(એફ.આર.કોઠારીયા)**
**જ્યુ. મેજી. ફર્સ્ટ ક્લાસ,**
**હાંસોટ.**